# રાજ્યમાં ફાયર સેફ્ટિની એન.ઓ.સી. પણ હવે ઓનલાઈન મળશે

## રાજ્યમાં ૨૬મી જાન્યુઆરીથી ફાયર સેફ્ટીની નવી પોલિસી લાગુ થશે : ફાયર સેફ્ટિ માટે હવે ખાનગી કંપનીઓ પાસે ચકાસણી કરાવી શકાશે, તંત્ર મજબૂત કરાશે : રાજ્યમાં ડાયરેક્ટર ઓફ ફાયરની નવી પોસ્ટ ઊભી કરાઈ

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં આગની મોટી ઘટનાઓને રોકવા માટે રાજ્યમાં નવી ફાયર પોલીસી ઘડવામાં આવી છે. રાજ્યમાં ૨૬મી જાન્યુઆરીથી આ ફાયર સેફ્ટીની નવી પોલિસી લાગુ થશે. ફાયર સેફ્ટિ માટે હવે ખાનગી કંપનીઓ પાસે ચકાસણી કરાવી શકાશે અને તંત્ર મજબૂત કરવામાં આવશે. રાજ્યમાં ડાયરેક્ટર ઑફ ફાયરની નવી પોસ્ટ ઊભી કરવામાં આવી છે અને રાજ્યના ૪ ઝોનના આ ચાર ડાયરેક્ટર ઑફ ફાયર કાર્યરત રહેશે. તેઓ આ ઝોનના તમામ ફાયર બ્રિગેડ સ્ટેશનનોના વડા રહેશે.

ઝસ રૂપાણી રૂપાણીએ રાજ્યમાં ફાયર સેફ્ટીના કડક અમલથી લોકોના જાન-માલ-મિલ્કતને રક્ષણ આપવા ફાયર સેફ્ટી અંગે કેટલાંક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. તેમણે રાજ્યમાં દરેક હાઈરાઈઝડ બિલ્ડીંગ, વાણિજ્યીક સંકુલો, સ્કૂલ, કોલેજ, હોસ્પિટલ્સ અને ઔદ્યોગિક એકમો માટે ફાયર સેફ્ટી એન.ઓ.સી. ઓનલાઈન મેળવવા માટેની પ્રક્રિયાઓ અંગે રાજ્ય સરકાર પારદર્શી રીતે ફાયર સેફ્ટી કોપ પોર્ટલ વિકસાવશે તેવી મહત્વપૂર્ણ જાહેરાત કરી છે.

CM રૂપાણીએ આ કામગીરીમાં ગતિ લાવવા સાથે રાજ્યમાં યુવા ઈજનેરોને સ્વતંત્ર રીતે ફાયરસેફ્ટી ઓફિસર તરીકે સ્વરોજગાર આપવાની એક અભિનવ પહેલ કરી છે. રૂપાણીએ એવો ક્રાંતિકારી નિર્ણય કર્યો છે કે, રાજ્યમાં ફાયર સર્વિસ ક્ષેત્રે કારકીર્દી ઘડીને ખાનગી ફાયર સેફ્ટી ઓફિસર તરીકે યુવા ઈજનેરોને નિર્દિષ્ટ જરૂરી તાલીમ લીધા બાદ ફાયર સેફ્ટી ઓફિસર તરીકે ખાનગી પ્રેક્ટીસ માટે રાજ્ય સરકાર મંજૂરી આપશે.

આવા સ્વતંત્ર પ્રેકટિસ કરતા ખાનગી ફાયર સેફ્ટી ઓફિસરોની નગર-મહાનગરોમાં પેનલ તૈયાર કરાશે. CM રૂપાણીના આ નિર્ણયથી નગરો-મહાનગરોના સ્થાનિક તંત્રમાં ફાયર સેફ્ટી, NOC, રિન્યુઅલ વગેરેની



કામગીરીનું હાલનું વધુ પડતું કાર્યભારણ ઓછુ થશે. એટલું જ નહીં બિલ્ડિંગ ધારકો અને લોકોને NOC મેળવવા તથા રિન્યુઅલ કરાવવામાં સરળતા મળશે.

આવા ખાનગી ફાયર સેફ્ટી ઓફિસરની નિયુક્તિ ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ-૨૦૧૩ની કલમ-૧૨ની જોગવાઈ મુજબ કરવામાં આવશે. CM રૂપાણી રૂપાણીના આ નિર્ણયને પગલે રાજ્યમાં મોટા પ્રમાણમાં ઊંચા મકાનો, કોમર્શિયલ કોમ્પ્લેક્ષ, શાળા-કોલેજ, હોસ્પિટલ્સ, ઔદ્યોગિક એકમોને મેળવવાનું થતું ફાયર એન.ઓ.સી. તથા દર છ મહિને રિન્યુઅલ કરાવવાની સેવાઓ ઝડપી અને વિના વિલંબે મળતી થશે.એટલું જ નહીં, આવા મિલ્કત માલિકો, કબજેદારોને પોતાની પસંદગી મુજબના ફાયર સેફ્ટી ઓફિસરની સેવાઓ લેવાનો વિકલ્પ મળશે. રાજ્યમાં નગરો-મહાનગરોના સ્થાનિક તંત્રના ફાયર ઓફિસર ઉપરાંત હવે આવા ખાનગી અને તાલીમબદ્ધ યુવા ફાયર સેફ્ટી ઓફિસરની વ્યવસાયિક તજજ્ઞતા ધરાવતી વિશાળ કેડર પણ ઉભી થશે. CM રૂપાણીએ જણાવ્યું કે, આપણે તો લોકોની સેફ્ટી-સિકયુરિટી અને સાથે ઈઝ ઓફ લીવીંગમાં પણ વૃદ્ધિ થાય તેવો અભિગમ અપનાવ્યો છે.

લોકોને પોતાના કામો માટે કોઈ પરવાનગી-મંજૂરી માટે કચેરીઓમાં જવું જ ન પડે અને ઘરે બેઠા ઓનલાઈન કામ થાય તેવી લેસ હ્યુમન ઈન્ટરફેસ-ફેઈસ લેશ સેવાઓ વિકસાવતા જઈએ છીયે.ગુજરાતમાં ODPSના સફળ અમલ પછી હવે દેશમાં વધુ એક નવતર ડગલું આપણે ભર્યું છે.ફાયર NOC લેવા માટે લોકોને કચેરીઓમાં જવુ જ ન પડે તે માટે પારદર્શીતા લાવવા ફાયર સેફટી કોપ-ફાયર સેફટી કોમ્પ્લાયન્સ પોર્ટલ વિકસાવવાનું રાજ્ય સરકારે નિર્ધારીત કર્યુ છે.

## ખૂણેખાંચરેથી

- ભાજપના ગાંધીનગર (ઉ)ના પૂર્વ ધારાસભ્ય અશોક પટેલના પુત્ર વિશ્વેશને ત્યાં દિકરીનો જન્મ થયો છે.
- ગાંધીનગર સિવિલના પૂર્વ આર.એમ.ઓ. ડૉ. હસમુખ નાયક કોરોનાથી સંપૂર્ણ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ અપાયુ છે.
- ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી જે.બી. વદરને ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના વહીવટી અધિકારી તરીકે વધારાનો હવાલો સોંપવાના હુકમો કરાયા છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે મતદારયાદી સુધારણા ઝુંબેશના અભિયાનને ભારે સફળતા મળી હતી. સવારથી જ યુવા મતદારોએ ઉત્સાહ દાખવ્યો હતો.
- ગાંધીનગર સહિતની વિવિધ હોસ્પિટલો સાથે જોડાયેલા ઈન્ટર્ન ડૉક્ટરો સ્ટાઈપેન્ડ વધારાની માંગણીને લઈ આજે હડતાલ પર જશે.
- ગાંધીનગર જિલ્લાની ૩૫ જેટલી પ્રા. શાળામાં ધો. ૬ અને ધો. ૭ માં પૂરતા બાળકો ન હોવાથી તેને બંધ કરવા માટેની દરખાસ્ત સરકારને મોકલી આપવામાં આવી છે.
- ગાંધીનગર મનપાના કમિશનરના કાર્યાલયમાં અંગત મદદનીશ તરીકે ફરજો બજાવતી સુશ્રી જીનલ ત્રિવેદી તેમજ તેમના પતિ મનીસ દેસાઈનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




કોરોના વેક્સીન પહેલા તમારી બા ને અપાવજો.. અને કાંઈ ન થાય તો જ હું લઈશ...

### શહેરના ઘ-૭ સર્કલ ખાતે કારની અડફેટે એકટીવા ચાલક ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૧૩

પેથાપુર પીપડાફળી મેઈન બજાર અંબિકા ચોક ખાતે કરીયાણાની દુકાન ધરાવતા ૬૪ વર્ષિય વેપારી અતુલ રસીકલાલ પટ્ટણી ગત તા. ૧ ના રોજ પોતાનું એકટીવા નં.જી.જે.૧૮.એ.જે.-૪૭૦૭ લઈને સેકટર-૭ ખાતે દવાખાને ગયા હતા. ત્યાંથી કામ પુરુ થઈ જતા સેકટર-૨૧ ખાતે ચીજવસ્તુની ખરીદી માટે ગયા હતા. ત્યારબાદ પેથાપુર તરફ જઈ રહ્યા હતા તે સમયે સાંજના પોણા સાત વાગ્યાના અરસામાં ઘ-૭ સર્કલનો વળાંક લઈ રહ્યા હતા તે સમયે અચાનક પાછળથી કાર નં. જી.જે.૦૨.સી.એલ.-૯૯૨૫ ના ચાલકે ટક્કર મારી હતી. એકટીવા પરથી નીચે માર્ગ પર પટકાતા કરીયાણાના વેપારીને ડાબા પગના ભાગે ઈજા પહોંચી હતી. જેને પગલે ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

# પીડીપીયુમાં ઓનલાઈન એક્ઝામ માટેની એપ ''પેક્ષા''ને કારણે વિદ્યાર્થીઓ ચિંતાગ્રસ્ત..!!

## 'પેક્ષા'' એપના કારણે લેપટોપ-મોબાઈલ ફોનને નુકસાન થતું હોવાની વિદ્યાર્થીઓની રજુઆત : યુનિવર્સિટી સત્તાધીશોને કરેલી રજુઆતનો પ્રત્યુત્તર ના આપતા પરીક્ષાર્થીઓ ચિંતામાં મુકાયા

કોરોના કાળમાં શિક્ષણ ઉપર માઠી અસર પહોંચી છે અને ઓનલાઈન વર્ચ્યુઅલ શિક્ષણ પદ્ધતિ અપનાવાઈ રહી છે પરંતુ તેના કારણે પણ નીત નવી સમસ્યાઓ સામે આવી રહી છે. ગાંધીનગરની પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓની સેમેસ્ટર એક્ઝામ્સ ઓનલાઈન આયોજિત કરવામાં આવી છે પરંતુ આ પરીક્ષાઓ માટે યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને ફરજિયાત 'પેક્ષા' નામની એપનો ઉપયોગ કરવાનો છે તે વિદ્યાર્થીઓના લેપટોપ-મોબાઈલ જેવા ઉપકરણોને નુકસાન પહોંચાડી રહી છે, જેના પગલે વિદ્યાર્થીઓમાં આ સોફ્ટવેર સામે વિરોધનો સૂર વધી રહ્યો છે અને વિદ્યાર્થીઓની રજૂઆત છતાં આ બાબતે યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા કોઈ પ્રતિભાવ આપવામાં ના આવતા પરીક્ષાર્થીઓ ચિંતામાં મુકાયા છે.

પીડીપીયુમાં સોમવારથી ઓનલાઈન એક્ઝામ માટે પીડીપીયુ દ્વારા 'પેક્ષા' નામનું સોફ્ટવેર વાપરવાનું પરીક્ષાર્થીઓ માટે ફરજિયાત કર્યુ છે પરંતુ

### અડધો અડધ વિદ્યાર્થીઓ 'પેક્ષા'થી સમસ્યા હોવાનું કહે છે

પીડીપીયુના કેટલાંક વિદ્યાર્થીઓ દ્વારા અન્ય વિદ્યાર્થીઓનો સંપર્ક કરી એક ડેટા અભ્યાસ કરવામાં આવ્યો છે જેના અનુસાર ૪૨.૮ ટકા વિદ્યાર્થીઓ લેપટોપ અને ૧૪.૭ ટકા વિદ્યાર્થીઓ મોબાઈલનો ઉપયોગ કરીને પરીક્ષા આપવા તૈયાર થયા છે જ્યારે બાકીના વિદ્યાર્થીઓ આ એપનો ઈન્સ્ટોલ કરી શક્યા નથી. આ સમસ્યામાં ૫૪.૩ ટકા વિદ્યાર્થીઓએ સ્વીકાર્યુ છે કે 'પેક્ષા'ના કારણે તેમના લેપટોપ-મોબાઈલમાં પ્રોબ્લેમ્સ થઈ રહ્યા છે. પેક્ષાને કારણે તેમના લેપટોપ-ફોન સ્લો થઈ જવાથી માંડીને તેની સીસ્ટમ ક્રેશ થવા સુધીની સમસ્યા સર્જાઈ રહી છે.

કેટલાક ડિપાર્ટમેન્ટની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. જ્યારે અન્ય વિભાગો તેમજ યુનિવર્સિટી સાથે સંકળાયેલી સંસ્થાઓના વિદ્યાર્થીઓની પરીક્ષા પણ નજીકના સમયમાં શરૂ થવાની છે. વિદ્યાર્થીઓની ફરિયાદ છે કે આ સોફ્ટવેરમાં રહેલી ખામીના કારણે તેમના લેપટોપ કે મોબાઈલની સીસ્ટમ ક્રેશ થવા સહિતની અનેક સમસ્યાઓ સર્જાઈ રહી છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓ માટે પરીક્ષા આપવી મુશ્કેલ બનવા સાથે આર્થિક નુકસાન પણ થઈ રહ્યું છે અને માનસિક તણાવમાં પણ વધારો થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ દ્વારા આ બાબતે યુનિવર્સિટીના સત્તાધીશો સમક્ષ રજુઆત કરી છે પરંતુ સત્તાધીશો દ્વારા કોઈ જ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નથી અને પરીક્ષાઓ આવી પહોંચી છે ત્યારે વિદ્યાર્થીઓની માંગ છે કે 'પેક્ષા' ના સ્થાને અન્ય સુરક્ષિત સોફ્ટવેર એપ્લિકેશન્સનો ઉપયોગ કરીને પરીક્ષા લેવામાં આવે. જો કે યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા આ એપ્લિકેશન સુરક્ષિત હોવાનો અને તેના થકી જ અગાઉ વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષાઓ સલામત રીતે લીધી હોવાનો દાવો કરાઈ રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ સ્થિતિમાં યુનિવર્સિટીના ૫ હજાર જેટલાં વિદ્યાર્થીઓ પરીક્ષા બાબતે ચિંતિત બન્યાં છે.

# માતા-પિતાની એક નાનકડી ભૂલના કારણે બાળકની જિંદગી વેરણ-છેરણ બની જાય છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

વિધાર્થીના ઉત્તમ ચારિત્ર્યના ઘડતર માટે તેનામાં નિષ્ઠા, પ્રામાણિકતા, માનવતા, નિર્ભયતાના ગુણો વિકસે એ માટે એક શિક્ષકે જ નહીં પરંતુ માતા-પિતાએ તેમના બાળક માટે સક્રિયપણે પ્રયાસ કરવાની આવશ્યકતા છે. મહાકવિ ગેટ કહે છે કે ''બાળક જેટલી શક્તિઓ લઈને જન્મે છે એનો વિકાસ જો એ જ રીતે થાય તો આ જગત પ્રતિભાઓથી ભરાય જાય. બાળકની ઈચ્છા, અપેક્ષા, રસ, રૂચિ ને જાણ્યા વિના એના પર ભણતરનો ભાર થોપવામાં આવે છે ત્યારે શક્તિઓ કુંઠિત થઈ જાય છે અને તે યોગ્ય નથી.'' એક સમયે ભાજપના ટોચના નેતા અને પૂર્વ કેબિનેટ મંત્રી જયનારાયણ વ્યાસ ચિંતન અને વિચારક બની ગયા છે. વ્યાસજીના હુલામણા નામથી જાણીતા આ એન્જીનિયર, અર્થશાસ્ત્રી, વિચારક અને ચિંતક જયનારાયણ વ્યાસે મા-બાપ અને તેમના સંતાન વચ્ચેનો

## બાળક તમારો અહંકાર કે મહત્વાકાંક્ષા પોષવા માટેનું કોઇ સાધન નથીઃ જયનારાયણ વ્યાસ


સબંધ સ્પષ્ટ કર્યો છે. તેઓ કહે છે કે-- બાળક પણ માણસ છે. એનાથી પણ ક્યારેક ભૂલ થઈ જાય છે. માણસ ગમે તેટલી મહેનત અને સારા હેતુથી કોઈ પણ કામ હાથમાં લે તો પણ તે સો ટકા સફળ થાય એ શક્ય નથી. બાળકની બાબતમાં તો આ વિશેષ સાચું છે અને એટલે બાળક કોઈપણ પરિસ્થિતિમાં હતાશ ન થઈ જાય અને ક્યારેક માનસિક રીતે ભાંગી પડીને આપઘાત જેવુ અંતિમ પગલું ન ભરે તે માટે બાળક સાથે સંવાદનો સેતુ ક્યારેય તૂટે નહીં એનો મા-બાપે સતત ખ્યાલ રાખવો જોઈએ.

**નિખાલસ પ્રેમ અને લાગણી હોવી જોઇએ...**

તેમણે તેમની ફેસબુક પોસ્ટમાં લખ્યું છે કે--- મા-બાપ અને ઘરના વડીલો સાથે બાળકનો સંબંધ નિખાલસ પ્રેમ અને લાગણીનો હોવો જોઈએ. તમારી હુંફની તાકાત એટલી બધી છે કે એ તમારા બાળકને નિષ્ફળતામાંથી કે હતાશામાંથી ભૂલના કારણે ઊભી થતી અપરાધીપણાની ભાવનાથી ઉગારી લે છે. એટલું જ નહીં પણ એને નવા આત્મવિશ્વાસ સાથે જિંદગી જીવવા માટેની પ્રેરણા આપે છે. તમે બાળકને જન્મ આપ્યો ત્યારે અનેક આશા-અભિલાષાઓ સેવી હશે. હવે તમારી એક નાનકડી ભૂલના કારણે એ બાળકની જિંદગી વેરણછેરણ ન થઈ જાય એ જોવું જરૂરી છે. વ્યાસજી કહે છે કે-- પ્રત્યેક મા-બાપને મારે કહેવું છે કે બાળકને વ્હાલ આપજો, પ્રોત્સાહન આપજો, એના ઘડતરનું ધ્યાન રાખજો, એ ક્યારેક તમારી અપેક્ષા પ્રમાણે માર્કસ નહીં પણ લાવે, બરાબર ત્યારે જ તમારી મા-બાપ તરીકેની કસોટી છે. એ વખતે તમે જો એની પડખે ઊભા રહેશો તો એક દિવસ દુનિયાની સર્વોત્કૃષ્ઠ સિદ્ધિ હાંસલ કરશે. બાળકને પણ એની કલ્પનાઓનું વિશ્વ હોય છે. એ વિશ્વનો એ પોતે સમ્રાટ છે. તેને તોડી ના પાડશો, સમજવાનો પ્રયત્ન કરજો.

**નકારાત્મકતા નહીં પ્રોત્સાહનની જરૂર છે...**

એક ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, એક માતા મગફળી વેચતી હતી. દીકરો સાથે જાય અને બધું જોયા કરે... એક દિવસ એણે જોયું કે અચાનક કેટલાક લોકો આવતા, મેગાફોન ખભે ભરાવી અને એમાંથી કશીક વાત લોકોને કહેતા હતા. થોડાક માણસો સાંભળવા માટે ઊભા પણ રહી જતા. પેલા છોકરાએ કુતૂહલવશ માને પૂછ્યું કે આ લોકો શું કરે છે?... મા એ સમજ આપી કે આપણા દેશના સર્વોચ્ચપદ પ્રેસિડન્ટ માટેની ચૂંટણી થવાની છે. આ લોકો તેમના માટે ભાષણ કરે છે. પેલા બાળકે પૂછ્યું કે મા હું મોટો થાઉ, ભણી લઉં અને આવા ભાષણો કરવાનું શીખી લઉં તો હું આપણા દેશનો પ્રેસિડેન્ટ બની શકું?.. આ પ્રશ્ન સાંભળીને બીજી કોઈ મા હોત તો એણે વડચકું ભર્યું હોત, મનમાં ને મનમાં કહ્યું હોત કે અહીં મગફળી વેચીને ગુજરાન ચલાવી લઈએ છીએ અને કુંવરને અમેરિકાના પ્રેસિડેન્ટ થવું છે... પરંતુ ના, આ મા કોઈ જુદી જ માટીની બનેલી હતી... એણે જવાબ આપ્યો, ''થઈ શકાય ને બેટા! ચોક્કસ થઈ શકાય!..'' આ છોકરો ભણ્યો, ભાષણો કરતો થયો અને એક દિવસ અમેરિકાનો પ્રેસિડન્ટ બન્યો, એનું નામ હતું જીમી કાર્ટર... માબાપ ને મારે ખાસ કહેવું છે કે બાળકોને નકારાત્મક તો ઘણું બધું કહીએ છીએ પણ ક્યારેય તેને પ્રોત્સાહન આપતાં નથી. તમારા બાળકને એ પણ સમજાવો કે જીવનમાં કશુંક પામવું હોય તો કશુંક ખોવાની તૈયારી રાખવી પડે છે. જીવનનાં એક ખાનામાં ચરમ સીમાની સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો બીજા ખાનામાં કંઈક ગુમાવવું પડે છે. બાળકને નીરક્ષીર વિવેક સમજાવો પણ એ પહેલા મા-બાપ પોતે આ વાત સમજે.



**જેવા સંસ્કાર હશે તેવો બાળકનો આકાર થશે...**

એક વાત યાદ રાખો--- માનસરોવરમાં મોતીનો ચારો ચરનારા હંસ આ ભેદ સમજે છે અને એટલે જ એ હંસ છે. આ માનસરોવર એટલે પાંચ સરોવરોમાંનું એક છે અને મનના સરોવરમાં એવા વિચારો વાવો કે જેને કારણે તમારું બાળક નીર એટલે કે પાણી અને ક્ષીર એટલે કે દૂધ વચ્ચેનો ભેદ સમજતાં શીખે. અર્થાત, તમે બાળકને જેવા સંસ્કારો આપશો, જેવી સમજ આપશો એવું એ મુજબ મોતી અને માછલી વચ્ચેનો ભેદ કરતાં શિખશે. જીવન પ્રત્યે એવા પ્રકારની તટસ્થતાથી જીવવાનું મન પોતે જે ધ્યેય પસંદ કરે છે માટે સામે પક્ષે એને શું ગુમાવવું છે તેની સમજ આ બાળક જ્યારે યુવાન બનશે ત્યારે ખૂબ કામ આવશે. જીવનની કોઈ સિદ્ધિ એના સામે બીજા ખાનામાં કોઈ બલિદાન વગર શક્ય નથી. તમારા બાળકને એ પણ શીખવો કે કોઈ તક આખરી નથી.

**બાળકનો વિકાસ ધીમે ધીમે થતો હોય છે...**

બાળકને જો કોઈ વિદ્યા ભણવી હોય તો એકદમ ન ભણી જવાય તે ધીરે ધીરે તમે પહેલા કક્કો – બારાખડી શીખો, પછી શબ્દો શીખો, પછી વાક્યો શીખો, પછી ફકરા શીખો એમ કરતાં કરતાં પત્તાના પત્તાને ચોપડીઓ વાંચતા થાવ. એટલે કે અભ્યાસ ધીરે ધીરે ધીરે થાય છે. એજ રીતે કોઈ યાત્રા કે મુસાફરી કરવી હોય તો એક ડગલે પૂરી થતી નથી તેના માટે મક્કમતા પૂર્વક રોજ અમુક કિમી અંતર કાપો તો જ પૂરી થાય છે. તેજ રીતે તમે રાતો રાત લખપતિ થવા જાવ તો પણ થવાતું નથી. આવક પણ ધીરે ધીરે આવે છે. આમ બધુ જ કામ ધીરે ધીરે પૂરું થાય છે. ઉતાવળે આંબા ન પાકે એ વાત તમારા બાળક પાસેથી કોઈ પણ અપેક્ષા રાખતાં પહેલાં તમે સમજો અને પછી તમારા બાળકને પણ સમજાવો. બીજી વાત કઠોર પરિશ્રમ બાદ પણ સફળતા ન મળે તો એને સાહજીકતાથી સ્વીકારવી જોઈએ અને તે સફળતા મળ્યા પછી પણ ક્યારેક એનો ઉપયોગ નથી થઈ શકતો એ વાત સમજવી જરૂરી છે.

**આઇઆઇટીમાં જવું છે પણ પિતા પાસે પૈસા નથી...**

એક વિદ્યાર્થી હતો. એણે અત્યંત કઠિન કહી શકાય તેવી આઈઆઈટી માટેની પ્રવેશ પરીક્ષા પસાર કરી. એને આઈઆઈટી મદ્રાસમાં એડમિશન મળ્યું. રાજીના રેડ થઈ ગયો એ. એણે એના પિતાને આ વાત કરી. સ્વાભાવિક છે કોઈ પણ મા-બાપ પોતાના દીકરાને આવી વિરલ સિદ્ધિ મળે તેનાથી રાજી થાય. પણ એણે જયારે કહ્યું કે આગળ ભણવા માટે હવે એણે મદ્રાસ આઈઆઈટીમાં જવાનું છે અને એના માટે ખર્ચ થશે. આ સાંભળીને એના પિતાએ બિલકુલ ઠંડકથી જવાબ આપ્યો કે એને છ સંતાનો છે અને દરેકને સરખી તક મળે એ માટે એના એકલા પાછળ એ બધો ખર્ચો કરી શકશે નહીં. માટે એણે જેટલું ભણવું હોય તેટલુ ઘરે રહીને ભણી શકે છે. પિતાએ સ્પષ્ટ કહી દઈશું આઈઆઈટીમાં ભણાવવા માટેનો ખર્ચ કરવા પોતે અસમર્થ છે. પણ આ દીકરો જુદી માટીનો હતો. એણે ઘરે રહીને અભ્યાસ કર્યો અને એક દિવસ આ દેશમાં ઈન્ફોર્મેશન ટેકનૉલોજી અને સૉફ્ટવેર ડેવલોપમેન્ટના ક્ષેત્રે ખ્યાતિપ્રાપ્ત કંપની ઈન્ફોસિસની સ્થાપના કરી. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ સંસ્થાના બોર્ડ ઓફ ગવર્નર્સના ચેરમેન તરીકે એણે ખ્યાતિ પ્રાપ્ત કરી. એ યુવાનનું નામ - એનઆર નારાયણમુર્તિ છે.

**બાળક માટે મા-બાપ મોટિવેશનલ સ્પીકર છે...**

આજકાલ આપણે સાધુથી માંડી સંસારી સુધીના જુદા જુદા મોટીવેશનલ સ્પીકર પાછળ ગાંડા થઈએ છીએ. એમાંના ઘણા બધા તો એકની એક વાત જુદા જુદા શબ્દોમાં કરે છે. એમને સાંભળવામાં કશું ખોટું નથી પણ જીજાબાઈના પેલા હાલરડાની માફક તમારા બાળકના મોટીવેશનલ સ્પીકર કે રોલ મોડેલ તમે જ છો એ ક્યારેય ન ભુલશો. કારણકે કૂવામાં હશે તો હવાડામાં આવશે. મા-બાપ કે દાદા-દાદીથી વધુ સારા મોટીવેશનલ સ્પીકર બીજા કોઈ

## સરખામણી કરનાર મા-બાપ જાણે-અજાણે એમનામાં વેરવૃત્તિ કે દ્વેષવૃત્તિના બીજ વાવે છે

હોય શકે નહીં. બાળકને જેટલો પ્રેમ અને હૂંફ આપશો ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે એ તમને પાછું આપશે. બાળકને પ્રેરણા આપો. એની મર્યાદાઓ સમજો. એની ખૂબીઓ પિછાનો... મા-બાપ તરીકે તમારું કામ એનામાં જે કંઈ ખૂટે છે એની ખોડ કાઢવાનું કે ધમકાવવાનું નહી એ ખોટ પુરવાનું છે. બાળક તમારો અહંકાર કે મહત્વાકાંક્ષાઓ પોષવા માટેનું સાધન નથી. પરીક્ષાનું પરિણામ ગમે તે આવે બાળકને પસ્તાવો થાય પણ એ તમારાથી દૂર ન થાય, એ તમારા ખોળામાં માથું મૂકીને ભલે ધ્રુસકે ધ્રુસકે રડે પણ એને તમારી બીક ન લાગે. મા-બાપનો પ્રેમાળ હાથ એ વખતે જો બાળકના માથે કે પીઠ પર ફરશે તો ભવિષ્યમાં કશાય કારણ વગર એ બાળક એનું સર્વોત્કૃષ્ટ આપવા માટે પ્રેરિત બનશે.







**રમતના સ્થાને મોબાઇલની દુનિયા મળે છે...**

ડૉ. સ્પંદન ઠાકર બહુ સાચી વાત કહે છે કે, દરેક બાળકની ક્ષમતા જુદી જુદી હોય છે. એ ક્ષમતાને ઓળખો અને એમાં પૂરક બનીને એ ટોચ પર કેવી રીતે પહોંચે તે માટે પ્રયત્ન કરો. બાળકને ભાષા પ્રત્યે, સાહિત્ય પ્રત્યે પ્રેમ હોય તો એને વિજ્ઞાન કે ગણિત ભણાવવાની જીદ કરશો નહીં. દરેક ક્ષેત્રમાં જે ઉત્તમ છે તેના માટે એટલી જ તક છે એ સમજી લો. તમારા બાળકોની કોઈ સાથે સરખામણી ન કરો. તેની સરખામણી કરવી હોય તો એની સાથે જ કરો. પોતાના સંતાનોની પણ અંદર અંદર સરખામણી કરનાર મા-બાપ જાણે-અજાણે એમનામાં વેરવૃત્તિ કે દ્વેષ વૃત્તિના બીજ વાવે છે. અગાઉ વગર ખર્ચે રમાતી થપ્પો, લંગડી, લખોટી, આંબલી પીપળી, ખાટી મીઠી, ચોપાટ, વાઘ-કૂકડી જેવી રમતો ભુલાઈ ગઈ છે. ઘરના ડ્રોઈંગ રુમમાં પરિવારના ચાર-પાંચ સભ્યો બેઠા હોય એ બધા કાં તો કોઈ સિરિયલ જોવા બેઠા હોય છે કે પછી વોટ્સઅપમાં અથવા ફેસબુકમાં મસ્ત હોય છે. આ લોકો એક કુટુંબમાં કે ઘરમાં નથી રહેતા માત્ર એક છત નીચે રહે છે અને સ્વકેન્દ્રી જીવન જીવે છે. આપણા બાળકને પોતાની વાત કરવી હોય તો કોને કહે? બધા પોતપોતામાં મસ્તાન છે. સરવાળે બાળક પેલા કાઉન્સિલરને હવાલે થાય છે જેની ઉપયોગિતા ખુબજ મર્યાદિત છે.

## અભ્યાસ કરતાં બાળકને એ પણ શીખવવું જોઇએ કે જીવનમાં કોઇ તક આખરી હોતી નથી